‘મન’ વૃંદાવન બને તો જ અંદર બેઠેલા બંસીધરની વાંસળી કાને પડે
- જ્ઞાનસૂત્ર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૪૦ | ૨૩ ફેબ્રુઆરી, ૨૦૧૫, સોમવાર ; ફાગણ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આજથી વિધાનસભાનું અંદાજપત્ર સત્ર

## સત્ર તોફાની બનવાના સંકેતો : વિપક્ષ સરકારને ભીંસમાં લેવાની એક પણ તક જતી કરવાના મૂડમાં નથી : સરકાર પાંચ વિધેયક રજુ કરશે

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત વિધાનસભાનું અંદાજપત્ર જે સોમવારથી શરૂ થઈ રહ્યું છે તે તોફાની બની રહેશે તેવા સંકેતો રાજકીય વર્તુળોમાંથી મળી રહ્યા છે.

રાજ્યપાલશ્રીના પ્રવચન બાદ વંદેમાતરમ્‌ના ગાન સાથે શરૂ થનાર આ અંદાજપત્ર સત્રને લઈ સરકારે તેની તૈયારીઓ પુરી કરી લીધી છે. સરકાર આ સત્ર દરમ્યાન પાંચ સરકારી વિધયેકો ઉપરાંત નાણાંકીય બિલો રજુ કરનાર છે.

સરકાર દ્વારા આ સત્રમાં વિપક્ષો સ્હેજ પણ હાવી ના થાય તેની પુરતી કાળજી લેવામાં આવી રહી છે.

બીજી તરફ વિપક્ષોએ પણ ઉપાધ્યક્ષપદની ઉમેદવારી નોંધાવવાની કરેલી જાહેરાત પછી સરકાર સાથે સંઘર્ષ માટેનું મન બનાવી લીધુ છે.

વિપક્ષના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સ્વાઈન ફ્લુ સહિતના રોગચાળાના મુદ્દે, વીજળીના મુદ્દે, ગ્રામ્ય વિસ્તારના પ્રશ્નો માટે અન્યાયી વલણ સહિતના મુદ્દાઓને લઈ સરકાર સામે બરાબરીની બાથ ભીડવાની વ્યુહરચના તૈયાર કરી છે.

કપાસના ટેકાના ભાવ અપાવવામાં સરકારની નિષ્ફળતા સહિત ગુજરાતના કેન્દ્ર સાથેના પડતર પ્રશ્નોને લઈ સરકારની નિષ્ફળતાને છતી કરવાની એક પણ તક જતી નહિ કરાય. ખાસ કરીને ગતિશીલ ગુજરાતના નામે અને વાઈબ્રન્ટની સફળતાના પણ ગૃહની ચર્ચાના મુદ્દાઓ રહેશે તેમ રાજકીય વર્તુળોમાંથી નિર્દેશો મળી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# મનરેગાના ૨૦૧૫-૧૬ના બજેટમાં ૫૦ ટકાનો કાપ

## નવી સૂચનાઓ કેન્દ્રની ધ્યાને લઈ ૪ કરોડ ૧૭ લાખની જોગવાઈઓ સૂચવતુ બજેટ મંગળવારે પંચાયતની બેઠકમાં રજુ થશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત ૧.૮૪૮ લાખ માનવદિન રોજગારી ઉત્પન્ન કરવાનું આયોજન કરાયું છે.

મનરેગાનું વર્ષ-૨૦૧૫-૧૬નું બજેટ રૂ. ૪ કરોડ ૧૭ લાખ ૬૮ હજાર નિયત કરવામાં આવ્યુ છે. જે મંગળવારે મળનારી જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં મંજૂરી માટે રજુ થશે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા આ કેન્દ્ર પુરસ્કૃત યોજનાનું સંચાલન થઈ રહ્યું છે. કેન્દ્ર સરકારે ગાઈડ લાઈનમાં કરેલા ફેરફારોને પગલે આ યોજનાના બજેટમાં ૫૦ ટકા જેટલો જંગી ઘટાડો નોંધાયો છે.

ગ્રામ વિકાસ એજન્સી દ્વારા પાંચ લાખથી વધુ માનવદિન રોજગારી છેલ્લા બે વર્ષથી ઉત્પન્ન કરવામાં આવતી હતી પરંતુ હવે આગામી વર્ષે માત્ર ૧.૮૪૮ માનવદિન રોજગારીની તકો જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ઉપલબ્ધ બનશે.

આ યોજનામાં કૃષિ કન્વર્ઝન પર અને દુષ્કાળ નિવારણી યોજનાઓ હાથ ધરવાના અભિગમને લઈ કામગીરીમાં ભારે ઘટાડો થવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે યોજના અંતર્ગત રાજીવ ગાંધી સેવા કેન્દ્રોના નિર્માણની જે કામગીરી હતી તે પણ સમય-મર્યાદામાં પૂર્ણ કરવાની તાકીદ કરી દેવામાં આવી છે તેમજ નવા કોઈ કામને મંજૂરી નહિ આપવાની સરકારની સ્પષ્ટ સૂચનાઓ છે.

આ યોજના અંતર્ગત આ વખતે ૫૨૬ જેટલા વિવિધ કામો હાથ ધરવામાં આવશે. જેમાં જળાશયોના નવનીકરણના ૧૩ કામ, ઈન્દિરા આવાસ યોજનાના ૨૫૦ જેટલા કામો અને વનીકરણ તેમજ દુષ્કાળ નિવારણ યોજના અંતર્ગત ૧૪૦ જેટલા કામો હાથ ધરવાનું આયોજન છે.

જિલ્લાને હરિયાળો બનાવવા માટેના અભિગમને આ જોગવાઈથી નવો વેગ મળશે તેવો દાવો જાણકારો કરી રહ્યા છે. જિલ્લાના પાંચ ગામોમાં વાંસની ખેતીનો પ્રયોગ કરાયા પછી આવા ગામોની સંખ્યામાં વધારો કરાશે.

● અનુસંધાન પાન-૭ પર



પોલિયો રવિવાર - પોલિયો મુક્ત સમાજ બનાવવા સંયુક્ત રાષ્ટ્ર સંઘ અને વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા પોલિયો મુક્ત વિશ્વ બનાવવાના ભાગરૂપે ગુજરાત પણ પોલિયો મુક્ત બને તે માટેના અભિયાન અંતર્ગત ‘પોલિયો રવિવારે’ ગાંધીનગરમાં પણ પાંચ વર્ષ સુધીના બાળકોને પોલિયોની રસી પીવડાવવામાં આવી હતી. ગાંધીનગરના તંત્ર અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા અભિયાનને સફળ બનાવવામાં ભારે જહેમત ઉઠાવી હતી. (તસવીર : દિપક જાની)





## ચાલો ભાવનગર આઈશ્રી ખોડીયારના દર્શને

દર વર્ષે માંઈ ભક્તોને ભાવનગર સ્થિત ખોડીયાર માતાના મંદિર દર્શન માટે લઈ જવા પ્રવાસનું આયોજન કરવામાં આવે છે. જેના ભાગરૂપે આ વર્ષે પણ આગામી તા. ૩જી માર્ચના રોજ સવારે ૬-૦૦ કલાકે રાંદેસણ ગામથી ભાવનગર જવા માટે લકઝરી બસ ઉપાડવામાં આવશે. જે માંઈ ભક્તોને માતાજીના દર્શને આવવાની ઈચ્છા હોય તેમણે અજીતસિંહ ગોહીલનો સંપર્ક કરવા જણાવાયું છે.



**અજીતસિંહ ગોહીલ**
પ્રમુખ, ગુજરાત એસોસીએશન ઓફ લોયર્સ, ગાંધીનગર
મો. ૯૮૨૫૦ ૩૬૭૫૨

આજની મંગલ પ્રભાતે

## શુભારંભ

## અમુલ-શિવ પાર્લર

જ્યાં મળશે અમુલની તમામ પ્રોડક્ટ્સ

શિવ પાર્લર - દુકાન નં-૧, સનરાઈઝ આર્કેડ કોમ્પલેક્ષ, ગાંધીનગર - કોબા માર્ગ, સ્વામીનારાયણ ધામ સામે, કુડાસણ-ગાંધીનગર